




- **તા. ૮/૧૦/૨૪ ધો - ૯ અ,બ વિદ્યાર્થી ભાઇઓની સંખ્યાઃ ૬૩** શિક્ષકનું નામઃ કૌશિકભાઇ મિસ્ત્રી, અર્જુનભાઇ સોલંકી (કલાર્ક), ભોપિનભાઇ વસાવા (કલાર્ક) **સ્થળનું નામ : ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, કૂકરવાડા**

ધો. ૯ અ,બ ના વિદ્યાર્થી ભાઇઓએ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ સંસ્થા (કૂકરવાડા) ની મુલાકાત લીધી હતી. આ સંસ્થામાં હાલ ૫૫ જેટલા બાળકો રહે છે. અહીં બાળકોના રહેઠાણ, ભોજન, મનોરંજન, રમતગમત,અભ્યાસ અને સ્વચ્છતાનું ધ્યાન રાખવામાં આવે છે. સુપ્રીટેન્ડન્ટ સાહેબ અને તેમના સહકાર્યકરો દ્વારા સંસ્થાના બાળકોની જરૂરીયાતોનું ધ્યાન રાખવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓને આ મુલાકાત દ્વારા સંસ્થાના બાળકો પાસેથી **શીખવા મળ્યું કે માતા-પિતા વિનાનું જીવન કેટલું મુશ્કેલ છે? શાળાના વિદ્યાર્થીઓ પોતાના માતા-પિતાનું સન્માન અને આદર કરતાં થાય તેવા હેતુથી તેમને આ સંસ્થાની મુલાકાત લેવડાવવામાં આવી.** આ બાળકોને રોજ દૂધ, ફ્રૂટ્સ અને સાત્વિક ભોજન આપવામાં આવે છે તથા તેમને પેકેટ ફૂડથી દૂર રાખવામાં આવે છે. જેથી તેમનું સ્વાસ્થ્ય સારું રહે છે.






**તા. ૧૭/૦૧/૨૦૨૫ :** ધો. ૧૧ ગુ.મા. અને અં.મા.નાં ૭૦ વિદ્યાર્થીઓએ **રાયચંદ દીપચંદ લાઇબ્રેરી, મહિલા પુસ્તકાલય અને સરકારી લાઇબ્રેરીની મુલાકાત લીધી** હતી. જેમાં રાયચંદ લાયબ્રેરીમાં ૫૦ થી ૭૦ હજાર પુસ્તકો અને મહિલા લાયબ્રેરીમાં ૩ થી ૪ હજાર પુસ્તકો સરકારી લાયબ્રેરીમાં ૭૦ હજાર જેટલા પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જેમા વિદ્યાર્થીઓ પુસ્તક વાંચન કરી શકે અને પોતાને જીવનમાં જ્ઞાન મેળવી શકે તે માટેના શાળા તરફથી સંપૂર્ણ પ્રયાસ હતા.

---

**સફળતા એટલે શું?**

સદા હસતાં રહેવું અને સૌને પ્રેમ કરવો;
વિદ્વાનોનો પ્રેમ ખાળવો
અને બાળકોના દિલમાં રહેવું;
આલોચકોની સ્વીકૃતિ મેળવવી અને
કપટી મિત્રોના છળને સહન કરવું
સુંદરતાને વખાણવી;
બીજાની ખૂબીઓ શોધવી;
કોઇ પણ વળતરની અપેક્ષા વિના,
બીજાઓ માટે જીવન સમર્પિત કરવું;
કોઇ એક ઉદ્દેશમાં સફળ થવું,
પછી એ સંતાનોના યોગ્ય ઉછેર માટે હોય,
કે કોઇનું જીવન સુધારવાનું કે પછી જીવન બચાવવાનું હોય;
મેદાનમાં નાનાં ટુકડામાં પણ મનમોહક બગીચો બનાવવો,
સામાજિક પરિસ્થિતિઓ બદલવી;
ઉત્સાહ અને જુસ્સા સાથે હસવું - રમવું.
આનંદથી મુકતપણે ગીતો ગણગણવાં;
એ બાબતોનો અનુભવ થવો કે
આપણે કોઇકની જિંદગીને તારવામાં નિમિત્ત બન્યા છીએ;
તો એ જવલંત સફળતાની નિશાની છે.

**જીવનમાં સફળ થવાનાં સોપાન**

૧. ધ્યેય નકકી કરવું - જાગ્રત મનની શકિત દ્વારા
૨. ધ્યેય મેળવવા આયોજન – અર્ધજાગ્રત મનની શકિત દ્વારા
૩. વાતાવરણને ધ્યેયને અનુરૂપ બદલવું - અર્ધજાગ્રત મનની શકિત દ્વારા
૪. ધ્યેયસિધ્ધિ માટે તક – અર્ધજાગ્રત મનની શકિત દ્વારા
૫. સમસ્યાનો ઉકેલ – અર્ધજાગ્રત મનની શકિત દ્વારા
૬. તકને ઓળખી – જાગ્રત મનની શકિત દ્વારા
૭. તકને ઝડપવી – જાગ્રત મનની શકિત દ્વારા
૮. કાર્ય કરવું - જાગ્રત મનની શકિત દ્વારા
૯. ઇચ્છિત પરિણામ મેળવવું - બંને મનના સહકાર અને સમન્વયથી

**સારા પુસ્તકોનું વાંચન વાચકને જીવનની ઊંચાઇ અને ઊંડાણ બક્ષે છે.**

***"Hold the vision, trust the Process"***

## શાળાકીય સ્પર્ધા : માધ્યમિક અને ઉ.મા.વિભાગ ગુ.મા.

| સ્પર્ધાનું નામ | વિભાગ | પ્રથમ વિજેતા | દ્વિતિય વિજેતા | તૃતીય વિજેતા | નિર્ણાયક |
|---|---|---|---|---|---|
| મેંહદી સ્પર્ધા | મા.વિ. | વાઘરી અંકુશતા એન. (૧૦-બ)<br>જાંગીડ લક્ષ્મી સી. (૧૦-બ) | રાણા સ્મૃતિ એસ. (૧૦-અ) | વાનખેડે કેયા કે. (૯-અ)<br>વાળંદ નેન્સી એસ. (૧૦-બ) | વાળંદ અંકિતાબેન એમ. |
| | ઉ.મા.વિ. | વસાવા સંજના એસ. (૧૧-વિ.પ્ર) | ગોહિલ આરતી એચ. (૧૧-વિ.પ્ર) | બેરાવાલા હિતાંશી વી. (૧૧-વિ.પ્ર) | |
| કેશગુંફન સ્પર્ધા | મા.વિ. | દેસાઇ અંતરા એસ. (૯-અ) | કુકરોલિઆ ક્રિષા જી.(૯-બ) | ચંદેલ ફોરમ જે. (૯-બ) | |
| | ઉ.મા.વિ. | બેરાવાલા હિતાંશી વી. (૧૧-વિ.પ્ર) | - | - | |

કન્વીનર શિક્ષકશ્રી : જ્યોતિબેન મજિઠિયા, સાલેહાબેન સિદ્દિકી






## તા. ૨૯-૮-૨૪ ગરવી ગુજરાત થીમ અંતર્ગત કલા ઉત્સવની ઉજવણીના ભાગ રૂપે યોજાયેલ શાળાકીય સ્પર્ધાઓ

કન્વીનર શિક્ષકશ્રી : પરેશભાઇ પટેલ, જ્યોતિબેન મજિઠિયા

| ક્રમ | સ્પર્ધા | વિભાગ | વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રથમ ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીઓના નામ | નિર્ણાયક |
|---|---|---|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | માધ્યમિક | ૬૭ | કુકરોલિયા ક્રિષા જી. (૯ બ) | જ્યોતિબેન |
| | | ઉ.માધ્યમિક | ૪૨ | મકવાણા હેમાંગી એમ. (૧૧ વિ.પ્ર.) | કૌશિકભાઇ |
| ૨ | બાળ કવિ સ્પર્ધા | માધ્યમિક | ૯ | ટંડેલ પ્રિયાંશી જે. (૯ બ) | વંદનાબેન |
| | | ઉ.માધ્યમિક | ૪ | રાજ યુવરાજસિંહ એસ. (૧૧ વિ.પ્ર.) | મનીષાબેન |
| ૩ | સંગીત ગાયન સ્પર્ધા | માધ્યમિક | ૧૩ | માછી આયુષી એમ. (૧૦ અ) | પરેશભાઇ |
| | | ઉ.માધ્યમિક | ૮ | મઢીવાલા મીરા એસ. (૧૧ વિ.પ્ર.) | અલ્પેશભાઇ |
| ૪ | સંગીત વાદન સ્પર્ધા | માધ્યમિક | ૯ | મોદી દિવ્યાંગ એમ. (૧૦ બ) | ચીમનભાઇ |
| | | ઉ.માધ્યમિક | ૮ | શાહ રૂદ્ર પી. (૧૧ વિ.પ્ર.) | |




**તા. ૨૬/૧૧/૨૪ : શાળાકીય કક્ષાએ રાજ્ય સ્તરીય તેરમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા** યોજાઇ જેમાં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ સ્પર્ધામાં માછી તેજસ્વી સતીષભાઇ (ધો.૯/બ) પ્રથમ ક્રમાંક મેળવી જિલ્લા કક્ષાએ ભાગ લેશે.

**વ્યક્તિએ ક્યારેય તકની રાહ નહિં જોવી જોઈએ કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે.**